# અધ્યાય ૫૨
# ગ્રંથ-સિંહાવલોકન

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

સર્વ ધાર્મિક ગ્રંથોની માફકત સર્વ અધ્યાયનો સાર કાવ્યમાં આપીને ગ્રંથનું સાંકળિયું આપવાનો શ્રી હેમાડપંતનો ઇરાદો હતો. પણ કમભાગ્યે એ કશું તેમના કાગળોમાં મળતું નથી. એથી એ કામ શ્રી સાઈબાબાના ઉચ્ચ કોટીના સમર્થ ભકત થાણાના મામલતદાર શ્રી બી.વ્હી. દેવે રચી આપેલ છે. અંગ્રેજી પુસ્તકોમાં જેમ પ્રારંભમાં સાંકળિયું તથા દરેક પ્રકરણના ઉપર તેમાં આવતી હકીકતની સૂચક નોંધ આવે છે, તેવો આ છેલ્લો અધ્યાય અનુક્રમણિકાનો સમજવાનો નથી. તેથી અમે આ અધ્યાયનું નામ પૂર્ણાહૂતિ સિંહાવલોકન એવું રાખ્યું છે. આ અયાયની મૂળ નોંધ સુધારી આપવા તથા છાપખાના માટે તૈયાર કરવા કમભાગ્યે હેમાડપંત જીવતા નથી. જ્યારે તે છાપવા સારું છાપખાનામાં મોકલ્યું ત્યારે દેવને તે અપૂર્ણ લાગ્યું. તથા કોઈ કોઈ સ્થળે અર્થ વગરનું લાગ્યું. તેથી જેવું મળ્યું તેવું છાપવું પડ્યું છે. તેમાં ગ્રંથમાં જે જે વિષયો આપણે અગાઉ વાંચી ગયા તે સર્વ ટૂંકામાં અહીં આપેલ છે.

**શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**